ISSN: 2319-202X

# શિક્ષણમાં વોટ્સએપનો ઉપયોગ

**પ્રા. જિજ્ઞાસા વી. પટેલ**
સુરેશ મહેતા કૉલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઉમરગામ

**પ્રા. વર્ષા સી. પટેલ**
સી. એન. પરમાર બી.એડ્. કૉલેજ, કોલક, ઉદવાડા

શિક્ષણના ક્ષેત્રમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રભાવી અસર જોવા મળી રહી છે. આજના વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થીઑ તેનો મહત્તમ ઉપયોગ કરી રહી છે. કોઇપણ વિષય એવો નથી કે જે ટેક્નોલોજીથી સભર ના બન્યો હોય. સમય વિતવાની સાથે માહિતીના સ્રોતમાં પણ પરિવર્તન આવે છે. જેમાં મ્હિતીત વિસ્ફોટ અને જ્ઞાન વિસ્ફોટને જન્માવે છે. આધુનિક સ્માર્ટ ફોનને કારણે આજે ઇન્ટરનેટના ઉપયોગમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના આજના યુગ્મ હવે આપણા અનેક નાણાં સબંધી વ્યવહારો, ખરીદ– વેચાણ સબંધી વ્યવહારો અને સંદેશાવ્યવહારો સ્માર્ટ ફોનની મદદથી ખૂબ ઝડપથી અને ગોપીનીય તથા વિશ્વશીનીય રીતે કરી શકાય છે પરિણામે વર્તમાન સમયમાં લોકો તેમના અને દૈનિક કર્યો ઓનલાઈન રીતે કરતાં થયા છે. સામાજિક મધ્યમો અને નેટવર્કિંગ સિસ્ટમના વિકાસને કારણે લોકોનું ઇન્ટરનેટ પરનું અવલંબન વધ્યું છે.

ઇન્ટરનેટ આધારિત સામાજિક માધ્યમો અને નેટવર્કની વિશિષ્ટતોને કારણે શિક્ષણક્ષેત્રે પણ તેનો ઉપયોગ વધી રહ્યો છે. હાલમાં WHATSAPP નો શિક્ષણમાં ઉપયોગ વધી રહ્યો છે. અધ્યયનમાં મદદરૂપ એવા ચિત્રો, વિડીયો, ઓડિયો, વેબસાઈડ, બ્લોગ્સ, વ્યાખ્યાન નોંધ વગેરે વિદ્યાર્થીઓને આપી શકાય છે. વોટ્સએપ એક એવી સામાજિક વેબસાઈડ છે જેના દ્વારા શાબ્દિક, શ્રાવ્ય અને વિડીયો સંદેશની નિ:શુલ્ક ધોરણે આપ ૧ લે કરી શકાય છે. તે ઉપરાંત વપરાશ કર્તાના ઠેકાણાની માહિતી તેના દ્વારા આપી શકાય છે. આ સામાજિક નેટવર્ક પ્રણાલી બ્લેકબેરી, આઈફોન, એંડ્રોઈડ સેલફોન અને વિન્ડોઝ સેલફોન પર કામ કરે છે. સેલફોન કે સ્માર્ટ ફોન પર વોટ્સએપની

એપ્લિકેશન ડાઉનલોડ કરીને તેમાં જોડાઈ શકાય છે. જો કે વોટ્સએપ વેબ એપ્લિકેશનનો ઉપયોગ કરીને કમ્પ્યૂટર પર પણ આ સાઈડ પર કામ કરી શકાય છે. આજે ભારતમાં સૌથી વધુ લોક પ્રિય એવી સેલફોન આધારિત સામાજિક નેટવર્ક પ્રણાલી છે. આજે ઈન્ટરનેટ સુવિધા ધરાવતાં સ્માર્ટ ફોનમાં એસ.એમ.એસ. ને સ્થાને આવી ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્સે લઈ લીધું છે. આ એપ દ્વારા વ્યક્તિ પોતાના ફોનનાં કોંટેક્ટલિસ્ટમાં રહેલી વ્યક્તિ સાથે સંપર્કમાં રહી શકે છે. વોટ્સએપમાં મહત્ત્વનું ઘટક છે કે ઈ–મેલ, સોશયલ નેટવર્ક, માઈક્રોબ્લોગ વગેરેમાં તમે મુકેલ સંદેશો સામે પહોંચીને વાંચ્યો તે જાણી શકાય છે. વળી આવી એપમાં ગ્રુપ બનાવી શકાય છે, જેથી એક જ વારમાં ગ્રુપના તમામને તે પહોંચે છે.

### વોટ્સએપનો ઈતિહાસ:

બ્રાયન એક્ટન અને જેનકોમે ૨૦૦૯ માં વોટ્સએપનો વિકાસ કર્યો હતો. આ બંને શરૂઆતમાં YAHOO માં નોકરી કરતાં હતા. તેમણે સપ્ટેમ્બર ૨૦૦૭ માં આ નોકરી છોડી દીધી હતી ત્યારબાદ FACEBOOK માં નોકરી મેળવવા માટે અરજી કરી હતી પરંતુ તેમની અરજી નામંજૂર થઈ હતી. ત્યારબાદ રશિયન મૂળના ફિશમેન નામના મિત્ર સાથે ચર્ચા કરતાં કરતાં કોમના મનમાં એવી એપ્લિકેશન નો વિકાસ કરવાનો વિચાર આવ્યો કે જેના દ્વારા કોઈપણ વ્યક્તિ પોતાની વર્તમાનસ્થિતિ અંગેની માહિતી અન્ય લોકો સુધી પહોંચાડી શકે. અને આ પરિણામે ફેબ્રુઆરી ૨૦૦૯ માં તેમણે WHATSAPP INC. નામે કંપની ની સ્થાપના કરી અને વોટ્સએફ એપ્લિકેશન લોકો માટે ખુલ્લી મૂકી. આ એપ્લિકેશનનો ઉપયોગ કરીને વપરાશકાર તેની વર્તમાન સ્થિતિની માહિતી અપલોડ કરી શકતો હતો. જેમકે, તે જેતે સમયે ક્યાં છે, તે શું કરી રહ્યો છે વગેરે વગેરે..

What's Up એટલે કે શું ચાલી રહ્યું છે ? શબ્દો પરથી જાનકોમે આ એપ્લિકેશનનું નામ WHATSAPP નક્કી કર્યું હતું. આ એપ્લિકેશન અમુક ચોક્કસ સમય સુધી કામ કર્યા બાદ બંધ થઈ જતી હતી, તેથી તેનો મોળો પ્રતિસાદ મળ્યો પરિણામે જેનકોમે કંપની બંધ કરીને નવી નોકરી શોધવાનો વિચાર કર્યો પરંતુ તે સમતે બ્રાયન એકટને તેને થોડી રાહ જોવાનું કહ્યું. જૂન ૨૦૦૯ માં કોમે તેની એપ્લિકેશનમાં સુધારો કર્યો જેના દ્વારા શાબ્દિક સંદેશની

આપ–લે કરી શકાતી હતી. જોતજોતામાં તેના વપરાશકારોની સંખ્યા વધી ગઈ. નવેમ્બર ૨૦૦૯ માં એક્ટન ઔપચારિક રીતે કોમ સાથે જોડાયા. પછી બંનેએ સાથે મળીને આઈફોન અને બ્લેકબેરી માટે વોટ્સએપની એપ્લિકેશનનો વિચાર કર્યો. ડિસેમ્બર ૨૦૦૯ માં તેમાં તસ્વીરો મોકલવાની સુવિધાનો ઉમેરો થયો. ત્યારબાદ તેમાં વિડીયોની આપ–લે કરવા માટેની સુવિધા ઉમેરાઈ. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ વોટ્સએપ ઈનકોર્પોરેશનનું સંચાલન ફેશબુક ઈનકોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યું. હવે વોટ્સએપની તમામ કાર્યવાહી ફેશબુક ઈનકોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૧૫ માં નિ:શુલ્ક ધોરણે તેમાં વૉઈસ કોલિંગનિ સગવડ ઊભી કરવામાં આવી, જેના કારણે તેની ઉપયોગિતામાં વધારો થયો. એક અંદાજપ્રમાણે જાન્યુઆરી ૨૦૧૭ માં વિશ્વમાં વોટ્સએપના ૧.૨ અબજ જેટલા નોંધાયેલા વપરાશકારો હતા.

**વોટ્સએપના શૈક્ષણિક ઉપયોગો :**

**૧. વિદ્યાર્થીઓને જૂથ શિક્ષણ :** વર્ગ શિક્ષક તેના વિદ્યાર્થીઓનું વોટ્સએપ જૂથ બનાવીને સતત તેમના સંપર્કમાં રહી શકે છે. આ જૂથ દ્વારા વિદ્યાર્થીઓને અગત્યની નોટસ અને સૂચનાઓ આપી શકાય છે. જૂથ દ્વારા વિદ્યાર્થીઓ વિષય સંબંધી શાબ્દિક, ચિત્રાત્મક, શ્રાવ્ય અને વિડીયો સામગ્રી એક બીજાને વહેંચી શકે છે.

**૨. પરીક્ષામાં સમયગાળામાં અગત્યની સૂચના:** પરિક્ષાના સમયગાળા દરમિયાન શિક્ષક તેના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડે શકે છે. પરીક્ષા સંબંધી અગત્યની ચાવી પૂરી પાડી શકે છે.

**૩. વિચારોની યોગ્ય આપ–લે કરી શકાય:** જૂથના અન્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓનિ સમસ્યાઓ, મંતવ્યો, માન્યતાઓ અને પ્રતિચારોના સંદર્ભમાં શિક્ષકો પોતાના વિચારો રજૂ કરી શકે છે.

**૪. આચાર્ય ι શિક્ષકો:** શાળાના આચાર્ય અને શિક્ષકોના વોટ્સએપ જૂથ દ્વારા જે તે શાળાના શિક્ષકો અને આચાર્ય સતત એક બીજા સાથે સંપર્કમાં રહી શકે છે. જેના કારણે શાળાકીય વહીવટના સંદર્ભમાં શાળા સામ્ય દરમિયાન અને બાદમાં આચાર્ય અને શિક્ષકો વચ્ચે માહિતીની આપ–લે થઈ શકે છે.

**૫. શિક્ષક–શિક્ષક :** શિક્ષક તેના વિષયના અન્ય શાળાના શિક્ષકો સાથે વોટ્સએપ જૂથ બનાવી શૈક્ષણિક સંગરિની આપ–લે કરી શકે છે. અને તેમની શૈક્ષણિક સમસ્યાઓના સંદર્ભમાં એકબીજા સાથે વિચાર–વિમર્શ કરી શકે છે.

**૬. શિક્ષક–વિદ્યાર્થી :** શિક્ષક અને વિદ્યાર્થીઓ સામૂહિક ઓનલાઈન ચેટિંગ દ્વારા શૈક્ષણિક વાર્તાલાપ કરી શકે છે. શિક્ષકોને વિદ્યાર્થીઓ પોતાના વિષય અંગેની નવી માહિતી, સમસ્યાઓ તેના ઉકેલો અને વિષય વસ્તુ અંગેના પોતાના વિચારો અને અર્થઘટનો વિશેની માહિતી જૂથના અન્ય શિક્ષકો અને વિદ્યાર્થી સાથે વહેંચી શકે છે.

**૭. શિક્ષક ፤ વાલીઓ :** શિક્ષક વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સતત સંપર્કમાં રહી શકે છે. વિદ્યાર્થીની પ્રવૃત્તિ અંગેની જાણ કરી શકાય છે. શાળામાં થતી વિવિધા કાર્યક્રમ અંગેની માહિતી વાલીઓ સુધી પહોંચાડી શકાય છે. (દા.ત. વાલીમીટીંગ)

**૮. વિદેશી સંપર્ક સાધી શકાય :** દેશ–વિદેશના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જો એકબીજાના સંપર્કમાં હોય તો શિક્ષણના સંદર્ભમાં સતત વાર્તાલાપ કરી માહિતીનિ આપ–લે કરી શકે છે.

**વોટ્સએપનો શિક્ષણમાં ઉપયોગ કરતાં સમયે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- એપસના પોતાના સુરક્ષા સેટિંગનો વિગતવાર અભ્યાસ કરવો.
- કોપી રાઈટનો ભંગ થાય તે કાળજી લેવી.
- વિદ્યાર્થીને ગ્રુપ બનાવી તેનો અધ્યયનમાં ઉપયોગ કરતાં સમયે શિક્ષકે જ એડમિન તરીકે રહેવું અને ગ્રુપમાં જે પણ મેસજ મૂકવામાં આવે તેના પર સતત ધ્યાન આપવું.
- ગ્રુપમાં વિદ્યાર્થીઓને જોડીને ગ્રુપમાં મેસેજ મુકવા માટે ના જરૂરી નિયમો બનાવી તે જણાવવા.
- સરકારશ્રી દ્વારા સાઈબર ક્રાઈમને રોકવા આવી એપ્સ માટે બનાવેલ નિયમો, તેનો ભંગ કરનારને થનારી સજાઓ વિશે જાણવુ અને શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રુપના અન્ય સભ્યોને જણાવવું.
- શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટે આવી એપ્સનો ઉપયોગ કરતાં પૂર્વે તેમના વાલીની મીટીંગ કરી લેખિતમાં સંમતિપત્ર મેળવવું.

- જો વાલીઓ વિદ્યાર્થીને મોબાઈલ આપવાનું પસંદ ના કરે તો વાલીની સંમતિથી તેમના ફોન નંબરનો પણ ઉપયોગ કરી વિદ્યાર્થીઓ સુધી માહિતી પહોંચાડી શકાય.
- ઉચ્ચશિક્ષણમાં આ પ્રકારની સમસ્યા ઓછી નડે છે છતાં તરુણવસ્થા અને યુવાવસ્થાનિ લાક્ષણિકતાઓ ધ્યાનમાં રાખી એપ્સનો વિવેક પૂર્વક ઉપયોગ કરવો.

**સમાપન:**

શિક્ષણમાં વોટ્સએપના ઉપયોગ થકી વિદ્યાર્થીની જ્ઞાનની ક્ષિતિજને વધારી શકાય છે. વિદ્યાર્થીઓ ટેક્નોલોજીના સુયોગ્ય ઉપયોગ વિશે માહિતગાર થાય છે. તેમજ વિદ્યાર્થીના સંપર્કમાં રહેવાના કારણે વિદ્યાર્થીમાં રખડપટ્ટી જો ટેવ હોય તો તે નિયંત્રણ લાવી શકાય છે. શિક્ષકો એપ થકી વિદ્યાર્થી–વાલીઓને યોગ્ય માહિતી પહોંચાડી શકાય છે.

**સંદર્ભસૂચિ:**

માલી, અ.રા. (૨૦૧૫) ICTની વિવેચનાત્મક સમજ. અમદાવાદ : અમોલ પ્રકાશન

ડૉ. શુકલ, એસ.એસ. (૨૦૧૬) ICTની વિવેચનાત્મક સમજ. અમદાવાદ : ક્ષતિપ્રકાશન

## શિક્ષણ દર્શન ના લેખકો માટે

**શિક્ષણ દર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X)** માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (**Shruti**) ફોન્ટમાં ટાઈપ કરી નીચેના સરનામે મોકલો. (લેખની સોફ્ટ કોપી **Dr. Jignesh B. Patel** ને **jig_har@yahoo.com** પર ઈ-મેલ કરો.)

**પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી**

૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની- મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪

rgkothari@gmail.com